માંડવી તાલુકાનું
શિક્ષણ,
(ધોરણ બીજા સારૂ.)

તૈયાર તથા પ્રસિદ્ધ કરનાર
નારણદાસ નવલરામ,
ઠે૦ કેળાપીઠ-સુરત

વેચનાર-બુકસેલર કશનદાસ નારણદાસ,
ઠે૦ નાણાવટ-સુરત
,, બુકસેલર લલ્લુભાઇ નારણદાસ,
ઠે૦ લીમડાચોક-સુરત

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦
કીંમત રૂ૦ ૦-૧-૦

માંડવી તાલુકાનું શિક્ષણ

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે વડોદરા રાજ્યનુ વેલાછા પરગણુ અને રાજપીપળાનુ સસ્થાન, દક્ષિણે તાપીનદી ને વડોદરા સસ્થાનનો વ્યારા તાલુકો અને બારડોલી તાલુકાનો થોડોક ભાગ, પૂર્વે વડોદરા સસ્થાનનુ સગોઢ પરગણુ અને રાજપીપળા સસ્થાન, પશ્ચિમે વડોદરા સસ્થાનનો વેલાછા અને કામરેજ તાલુકો

વિસ્તાર—આ તાલુકાની પૂર્વ પશ્ચિમ લબાઇ ૩૦ માઇલ છે, અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૨૦ માઇલ છે.

કુદરતની ખુબી—આ તાલુકાની નબાઇ દક્ષિણ ભાગ તરફ કમી થતી જાય છે, આ તાલુકો કીમ નદીથી ત્રણ માઇલપર આ વેલા બાટકોલ ગામથી શરૂ થાય છે, અને પુર્વ તરફ છેક રાજપીપળા સસ્થાન સુધી પહોચ્યો છે,

દેખાવ—આ તાલુકાનો દેખાવ ભયકર લાગે છે કારણ કે ડુગરાને જગલો ઘણા છે, પશ્ચિમ તરફનો ભાગ ઠીક લાગે છે. કારણ કે ડુગર અને જગલો ન હોવાથી વસ્તીવાડી વગેરે છે, જમીન પૂર્વ અને ઉત્તર તરફ ઉચી છે, પશ્ચિમ તથા દક્ષિણ તરફ નીચી છે, ઉત્તર દીશા અને ઇશાન ખુણામા ડુગરો આવેલા છે, તેમ જંગલો પણ આવેલા છે.

ડુગરો—ઉત્તર પૂર્વ અને ઇશાન કોણમા ડુગરો આવેલા છે, એ ડુંગરો ૨૦૦ થી ૩૦૦ ફુટ ઉચા છે, સઉથી મોટામા મોટો ડુગર તારાપોગ્નો છે, એની આસપાસ મોટુ જંગલ છે, બીજો ડુગર ખોડાબનો છે, માંડવીથી આઠ માઇલપર અશીંતરાનો ડુગર છે, એની આસપાસ પણ જંગલ છે એ સિવાય નાના ડુંગર ઝટકાનો, કાટકુવાનો, અને શોલીનો છે.

નદીની ઉત્પતિ—પાણી પહાડના ઝરણુથી આવે છે, ચોમાસામા વરસાદ વરસે છે તેથી ઝરણુમાથી પાણી પુષ્કળ વહે છે, ને નદી ભરપુર દીસે છે, ઉનાળામા પાણી ઓછુ નીકળે છે તેથી સુકાઇ જાય છે ને તેને લીધે એક પારથી બીજે પાર જઇ શકાય છે નદી પહાડનુ પાણી પણ દરીઆમાંજ લઇ જાય છે અને વરસાદનુ નવું પણી દરીઆમા લઇ જાય છે, જો નકામુ પાણી દરીઆમાં લઇ ન જાત તો જમીનમા પચી જાત ને ભિનાશ રહેતે, અને તેથી રેગોનો ઉપદ્રવ થતે, પાણી હમેશા ઉચી જમીનમાથી નીચી જમીનમા વહી જાય છે, તેથી આ તાલુકાની નદી પૂર્વથી પશ્ચિમ તરફ અને કોઇ કોઇ ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે, કારણ કે તાલુકાનો ઢાળ એ દીશપરનો છે પહાડમાથી નદી નીકળે છે, ત્યાનો વેગ ઘણો ઓછો થઇ જાય છે. માટી, રેતી, કાકરા વગેરે નદી એક જગાપરથી બીજી જગાપર ઘસડી લઇ જાય છે, કાકરા તથા પત્થરના ઘસાવવાથી રેતી બની છે તે કિનારાપર એકઠી થાય છે, અથવા ઘસડાતી ઘસડાતી દરીઆ સુધી જાય છે નદીમા રેલ આવે છે ને તે ઉતરી જાય છે ત્યારે મટેડુ નીચે ઠરી બેસે છે તેને ચગુ કહે છે તે જમીનમા સારો પાક પકવે છે નદી ખેતીને ફાયદો કરે છે ને વેપરના સધો લઇ જવા લાવવામા મદદગાર થઇ પડે છે.

નદીઓ—તાપી નદી આ તાલુકાની દક્ષિણે આવેલી છે એ સાત પુડા પર્વતમાથી નીકળે છે એની લંબાઇ આ તાલુકામા તાલુકાની લંબાઇ બરોબર છે અને સલગ લબાઇ આ તાલુકાથી પરર ઘણી મોટી છે આ નદી પવિત્ર ગણાય છે એને કાઠે બૌધાન, રામેશ્વર, સ્થાનેશ્વર, અગ્નેશ્વર અને બલાલ તીર્થ વગેરે પવિત્ર જગ્યાઓ છે માડવી પણ એનેજ કાઠે આવેલુ છે કાઠાની જમીન ફળદ્રુપ છે

વેહ નદી રાજપીપળાના ડુગરમાથી નીકળે છે અને તે દક્ષિણ તરફ વહી વરેલી ગામ આગળ તાપીને મળે છે એ સિવાય ૧૦–૧૨ વહેળા ડુગરમાથી નીકળે છે ને તે દક્ષિણ તરફ વહી તાપીને મળે છે

જળાશય—કુદરતી સરોવર નથી પણ તળાવો બાધેલા છે, તડકેશ્વરમા ૨૦ તળાવ છે તેમા ગામમા આવેલા તળાવમા બારે માસ પાણી રહે છે. રોશવાડ ગામે એક તળાવ છે તેને હોળ તળાવ કહે છે એનુ પાણી તળીઆની રેતીને લીધે હમેશા ચોખ્ખુ રહે છે એ પાણીપર તડકેશ્વર અને રોશવાડના લોકોનો આધાર છે. કાલેમાઇ આગળ એક મોટુ તળાવ છે તડકેશ્વરની ઉત્તરે એક મોટો કુવો છે તેનુ નામ સાત કોશીઓ છે કારણ કે સાત કોશ ફરે એવો મોટો છે

આબો હવા—એનો આધાર સ્થાન, દરીઓ અને પહાડ વગેરે પર છે દરીઓ ઘણેજ દૂર હોવાથી દરીઆઇ પવનની અસર બીલકુલ થતી નથી. ઉનાળામા તાપ અને શિયળામા ટાઢ વિશેષ માલમ પડે છે, ડુગરો અને જ ગલોને લીધે પાણી સારા ગણાતા નથી કારણકે ડુંગરોને જ ગલોમાથી પાન ઘસડાઇ આવે છે, પાદડાના કહોવાવાથી તેન જેવો પદાર્થ તરી

આવે છે કે જેને પાણ કહે છે, એવા પાણી ઉકાળીને પીવાથી પીવા લાયક બને છે આ તાલુકાની ઉત્તર અને પૂર્વ તરફના પાણી ઘણાજ નબળા ગણાય છે એ ઉપરથી કહેવત ચાલે છે કે "માલધા, લીમધા, મોટીપાળ, નહિ મરે તો દેવગઢ આલ, દેવગઢ કહે હુ લીલો કરૂ, પીળો કરૂ, નહિ મરે તો હુ શુ કરૂ" વળી આ તાલુકામાં ડુગરાને જગલો હોવાથી વરસાદ પણ વિશેષ પડે છે

વનસ્પતિ—જગલોમા ખેર, શિશમ, સાગ, સારડો, હળવાન એ પુષ્કળ થાય છે, એ ઉપ્રાન્ત જળાઉ લાકડા પણ પુષ્કળ થાય છે, અરસી નામના જગલમાં વાસની ઝાડી છે એ ઉપ્રાત આબા, આમળી, પીપળા, વડ, જાબુડા, વગેરે થના જોવામા આવે છે. ખખર અને આસીદના પાદડા પણ આ તાલુકામા થાય છે ને મધ પણ એ ઝાડીઓમા થાય છે

જાનવરી પેદાશ—પશુઓમા પળાતા ગાય, બળદ, ભેસ, ઘોડા, ઘેટા, બકરા, ગધેડા વગેરે જોવામા આવે છે તે ઉપ્રાંત શિકારી પશુઓમા વાઘ, રીછ વગેરે નહિ પળાતા પશુઓ પણ જગલોમા ને ગામોમા જોવામા આવે છે. એ સિવાય હરણુ, ચીતર, સાબર પણ માલમ પડે છે પક્ષીઓમા તીતર, બગલા, સારસ વગેરે પણ જોવામા આવે છે.

ધર્મ—વાણીઆ અને કણબી વિષ્ણુના ભગત છે, બ્રાહ્મણો શીવના ભગત છે મુસલમાનો સુન્ની પથના છે. જૈનો શ્વેતાબરી વિશેષ છે કાળીપરજના લોકો માતાના ભગત છે તે વાઘ દેવને માને છે તથા ભૂત પીશાચને માને છે

વસ્તી—૧૬૩ ગામોમાં થઇને ૩૩૯૯૨ માણસની છે તેમા મોટો ભાગ કાળીપરજનો છે એ સિવાય, હિદુ, મુસલમાન, પારસી,

જૈન વગેરે છે. કાળીપરજમાં ચોધરા, દુબળા, ગામતા, વસાવા, ભીલ વગેરે ગણાય છે એ લોકો જંગલમા રહે છે, તેઓ બાળલગ્ન કરતા નથી, પણ મોટી ઉમરે મનગમતા લગ્ન કરે છે છોકરો તાડ પર ચઢી શકે ત્યારે પરણવા લાયક ગણાય છે એ લોકો શરીરે બહુ મજબૂત નથી, પણ મહેનતુ છે હાલ અંગ્રેજી રાજ્યમા તેઓએ ચોરીનો ધંધો મૂકી દીધો છે ને મજુરીપર આજીવિકા ચલાવે છે

ભાષા—ઊંચી વસ્તી ગુજરાતી ભાષા બોલે છે, કાળી પરજના લોકોની ભાષા જુદીજ છે.

ધંધો—ગામડામાં મુખ્ય ધંધો ખેતીનો છે, મોટા ગામોમા ખાદી વગેરે લુગડાં વણવાનો, સુથારી કામનો ને મજુરીનો છે માંડવીના સુથારો ગાડા, સારા બનાવે છે. વ્યાપારમા દાણાની દુકાનો મુખ્ય જોવામા આવે છે

ખનીજ પદાર્થો—ડુંગરો હોવાથી પત્થરો પુષ્કળ નીકળે છે કે જે સડક બાંધવાના કામમા આવે છે, તડકેશ્વર અને બોપાન વચ્ચેના જંગલવાળા ભાગમાથી હકીકના કાચા પત્થર મળી આવે છે. કે જેનો કંટ્રાકટ સરકાર તરફથી અપાય છે જુજળાવ ગામ પાસે લોઢું નીકળે એવા પત્થર પણ મળી આવે છે આ ગામની પીળી માટી રંગવાના કામમા આવે છે તડકેશ્વર પાસેની ખાડીમાથી ખડી નીકળે છે,

નિકાશ અને આયાત—ગામોમા તુવેર, વાલ, ઘઉં, વટાણા, ચણા, શિઆળુ જુવાર, ડાંગર, કોદ્રા, નાગલી, બંટી અને બાવટો થાય છે તે મોટા ગામોમા આવે છે પશ્ચિમ ભાગની

કાળી જમીનમાં કપાસ બહુ થાય છે નદીના કાંઠાપરની જમી નમા તમાકુને શાકભાજી થાય છે જંગલમાંથી ઇમારતી લાકડું, અસીઠરાના તથા ટીમરૂના પાદડા, મધ, લાખ, ગુંદર, તેવી બીઆને ખાખરાના પાદડા બીજા શહેરોમા જાય છે અને તેના બદલામા ધાસલેટ, કાપડ, મરી મસાલો, ખાડ, વગેરે આવે છે

મુસાફરીના માર્ગ—આ તાલુકાને રેલવે લાગી નથી પણ ટાપટી વેલી રેલવેને રસ્તે બારડોલી તાલુકાના મઢી સ્ટેશનથી માડવી જવાય છે, જવાની સડક પાકી છે બી૦ બી૦ એન્ડ૦ સી૦ આઇ૦ રેલવેના કીમ સ્ટેશનથી પાકી સડક ૨૭ માઇલપર આવેલા માડવી સુધી છે, માડવીથી ઉત્તરે ૧૫ માઇલપર આવેલા ઝંખવાવ સ્ટેશનથી પુષ્કળ માલ રેલને માર્ગે જાય છે બોધાનથી હોડીમાર્ગે ચોમાસામા માલ લાવ લઇજા થાય છે કાચી સડકો વાટે ગામોમાનો માલ મોટા ગામોમાને સુરત જેના શહેરમાં પણ લઇ જવાય છે.

રાજય રીતિ.

તાલુકાના અધિકારીઓ,

(૧) મામલતદાર. (૨) ફોજદાર, (૩) ઓવરશીયર, (૪) ડાકટર, (૫) આસી૦ ડેપ્યુટી એજયુ૦ ઇન્સ૦ (૬) આબકારી ઇન્સ્પેકટર, (૭) લોકલફંડ કલાર્ક, (૮) પોષ્ટ માસ્તર, (૯) રજીસ્ટ્રાર, (૧૦) રેજર.

મહેસુલી ખાતું—આ ખાતાનો ઉપરી મામલતદાર છે, તેનો અધિકાર તાલુકાના બધા ખાતાના અધિકારીઓપર સામાન્ય છે. એમનુ

મુખ્ય કામ મહેસુલ નક્કી કરવાનુ અને એકઠુ કરવાનું અને લોકલ ફડનો વહિવટ કરવાનુ છે જ્યારે ફોજદરી ગુન્હાનો ઇન્સાફ કરે છે ત્યારે માજીસ્ટ્રેટ કહેવાય છે,

પોલીસ ખાતુ—આ ખાતામા બે પોલિસ સબઇન્સ્પેક્ટર આ તાલુકામા છે, એક માડવીમા ને બીજો તડકેશ્વરમાં રહે છે. તેઓ ચોરી, લુટ, ધાડ, ખુન વગેરેના ગુન્હેગારોને પકડવાનું અને કમિટ કરવાનુ કામ કરે છે

બાંધકામ ખાતું—આ ખાતાનો ઉપરી ઓવરશીઅર છે, તે આખા તાલુકાના સરકારી મકાનો પુલો, કુવાઓ, તળાવો, રસ્તાઓ વગેરેપર મરામત કરવી તથા નવા બાધવા વગેરેનુ કામ કરે છે

મેડીકલ ખાતુ (આરોગ્યના ખાતુ)— તાલુકાના ગામોમા દવાખાના ખોલવામા આવેલા છે, આ ખાતાના ઉપરીને આસીસ્ટ ટ સરજ્યન કહે છે તે દરદીઓને તપાસે છે ને દવા પણ આપે છે, એમના તાબામા શિતળા કારકુન હોય છે તે નાના ગામોમા વરસમાં બેવાર જઇ શિતળા કાઢી આવે છે.

કેળવણી ખાતુ—તાલુકાના ૫૦૦ માણસોથી વધારે વસ્તીવાળા ગામોમા નિશાળ હોય છે તેનો ખરચ લોકલફડમાથી થાય છે મોટા ગામોમા કન્યાશાળાઓ પણ હોય છે આ ખાતાના ઉપરી અધિકારી આસી૰ ડેપ્યુટી૰ એજ્યુ૰ ઇન્સ્પેક્ટર છે, તે તાલુકાની પ્રત્યેક ગામની નિશાળો કાઢવી કે બધ કરવી એ એમના અભિપ્રાયથી થાય છે. આ તાલુકાના માંડવી અને બોધાનમા અગ્રેજી નિશાળ છે, ખાસ કાળીપરજના છોકરાઓને કેળવવાને ગોડસબા ગામે એક બોર્ડીગ સ્કુલ શને ૧૯૦૫ થી સ્થપાઇ છે. ચોથાથી સાતમા ધોરણ સુધીના આખા જીલ્લાના

વિદ્યાર્થી ભણે છે, આખા તાલુકાની મુખ્ય સ્કુલ માડીની ગણાય છે, એના મેહેતાજીને તાલુકા સ્કુલ માસ્તર કહે છે

આબકારી ખાતુ—આ ખાતાના ઉપરીને આબકારી ઇન્સ્પેકટર કહે છે, તે તાડી, દારૂ, ભાગ, ગાજો અને અફીણની દુકાનપર દેખરેખ રાખે છે, વારવાર માલ તપસે છે વગર પરવાનાએ વેચનારને અને પકવનારને પકડે છે, અને માજીસ્ટ્રેટને ત્યા કમિટ કરે છે

લોકલ ફંડખાતું—આ ખાતાનો વહિવટ તાલુકાના ચુટી કઢાયના મેમ્બરો કરે છે તેના પ્રમુખ (મામલતદાર) મહેસુલની રકમ મુજબ રૂપીએ એક આનો વધુ લઇને આ ખાતાની ઉપજ કરે છે તેમાથી રસ્તા પુલો તળાવો, નિશાળો વગેરે ને માટે ખર્ચ થાય છે આ મડળને લોકલ બોર્ડ કહે છે.

રજીસ્ટાર ખાતુ—આ ખાતાના ઉપરીને રજીસ્ટાર કહે છે તેઓનુ મુખ્ય કામ જમીનને ઘરોના વેચાણ–ગીરો, દસ્તાવેજ નોધવાનું તથા વીલોને ફારગતીઓ રજીસ્ટર કરવાનુ ને પારસી લગન નોધવાનુ છે

પોસ્ટ ખાતું—આ ખાતાના ઉપરીને પોષ્ટ માસ્તર કહે છે મોટા ગામોમા પોસ્ટ માસ્તર નીમેલો છે અને નાના ગામો માટે પોસ્ટ ખાતાનુ કામ મેહેતાજી કરે છે, આ ખાતુ સદેશા લાવ લઇજા કરવાનુ, કીમતી વસ્તુઓ લાવ લઇજા કરવનુ નાણા એક ઠેકાણેથી બીજે ઠેકાણે પેહોચાડવાનુ કામ કરે છે, તે ઉપ્રાત નાણા સઘરી રાખી તેનુ વ્યાજ આપવાનુ પણ કામ કરે છે અને મોટા ગામોમા તાકીદના સદેશા એટલે તાર પોહોચાડવાનુ કામ પણ કરે છે

જંગલ ખાતું—આ ખાતાનો ઉપરી તાલુકામા રહે છે તેને રેંજર કહે છે, તેનુ કામ જંગલની ઉપજોપર દેખરેખ રાખવાનું છે

મોટાં ગામો.

અંગ્રેજ સરકારના ખાલસા ગામો—માડવી, તરસાડા, બોધાન, તડકેશ્વર, ઘટોલી, ગોડસંબા, કરંજ છે એ ઉપ્રાંત પાતલ, દેગઢ, દઢવાડા, હવેલી, બાગ્ગામ અમલસાડી, કોશાડી, વરેઠી ગેદાવાડી, પુના વગેરે છે

માંડવી—તાલુકાનુ મુખ્ય ગામ એટલે કસ્બો છે, એ તાપી નદીપર આવેલું છે, એમા ૪૦૦૦ માણસની વસ્તી છે, એમાં હીંદુઓના ઘણાં દેરા છે, આ કસ્બાની નદી ઉપર રાજાનો અને વજીરનો એવા બે ઘટ બાંધેના છે, અગાઉ એમા ભીલ રાજાનુ રાજ હતુ, ત્યાર બાદ રજપુત રાજાઓનું રાજ થયુ અને હાલ અંગ્રેજ સરકારની હકુમત હેઠળ છે એમા તાલુકાની મુખ્ય કચેરી, અંગ્રેજી ગુજરાતી નિશાળ, કન્યાશાળા, વગેરે છે

તરસાડા—એ માંડવીને સામેપાર ગામ છે ત્યાથી પગરસ્તાની સડક ચાલુ થાય છે, ને તે મઢી સુધી જાય છે, એ ગામમા ધર્મશાળા એક છે ને તે સારી છે.

બહુધાન—એ તાપીને કાંઠે છે એમાં સિંહસ્થજાત્રા બાર વરસે ભરાય છે, એમા ૩૦૦૦ માણુસની વસ્તી છે, આ જગ્યા પવિત્ર ગણાય છે, એમા પણુ અંગ્રેજી, ગુજરાતી નિશાળને કન્યાશાળા છે

તડકેશ્વર—આ ગામ કીમ સ્ટેશનથી ૮ માઇલપર આવેલુ છે એમા ૩૫૦૦ માણુસની વસ્તી છે એમા મુખ્ય વસ્તી વોહોરાઓની

છે અહીના રાવળીઆઓ આથરો સારા વણે છે, આજુબાજુનો ભાગ તાડીકા વનનો છે એમ કહેવાય છે, આ ગામની ઉત્તરે હશન નામના પીરની કબર ૨૧ ગજ લાંબી છે એમા પોલિસ સબઇન્સ્પેકટરની કચેરી છે, એ ઇન્સ્પેકટરના તાબામા ૪૨ ગામો છે

ઘટોલી—કાલીપરજનુ મોટું ગામ છે

ગોડસબા—માંડવીથી ૪ માઇલપર પશ્ચિમમા છે.

કરંજ—એમાં વોહોરાઓની વસ્તી વિશેષ છે, અસલ એ ગામ બીલ લોકનુ હતુ.

પવિત્ર જગાઓ.

અસીંતરાનો ડુંગર-એમાં ચોધરાઓની યાત્રાનુ ધામ છે, ત્યા એક બોયરૂ છે, ત્યાં કળીપરજ તથા બીજા લોકોની જાત્રા ભરાય છે.

વરેઠ—એ તાપીને કાઠે છે, અહીં રામેશ્વર મહાદેવનુ તિર્થ છે

બલાલ તિર્થ—અહી અજાણ્યા બીલની જાત્રા ભરાય છે એ જાત્રા લગભગ ૧૮ વરસે અશાડ અધીકમા આવે છે ત્યા એક પીપળાનુ ઝાડ છે તેની પસે પત્થર છે તે ઉપર અજાણા બીલના પગલાં છે, ત્યાથી થેડે છેટે મહદેનુ દેરૂ છે

સ્થાનેશ્વર—રામેશ્વર મહાદેવની સામે કઠે છે,

ગાંગપુર—પીપળવાડાની ખાડી પાસે માડવીથી ૫ચ માઇલપર છે એમા પોષ માસમાં હરસદ માતાનો મેળો ભરાય છે,

વીરપોર—તડકેશ્વરથી ચાર માઇલપર છે એમા હનુમાનનુ દેરૂં તથા એક મોટી વાવ છે

ઈનામી ગામો

મધરકોઇ, જુલવાણુ, કેવડી, કાટકુવા, કરઠા, કોશાડી, આંબાપો દેવગીરી, અને પાપરીઆ છે, આ ગામોમાંની અડધી ઉપજ અંગ્રેજ સરકાર લે છે.

ગામના અધિકારીઓ.

(૧) મુલ્કી પટેલ, (૨) પોલિસ પટેલ, (૩) તલાટી (૪) સ્કુલ માસ્તર, (૫) ગામ પંચ.

મુલ્કી પટેલ—એ ગામનો મુખ્ય અધિકારી છે, એનો અધિકાર ગામના સઘળા અધિકારીપર છે, ગામ પંચનો અગ્રેસર છે

પોલિસ પટેલ—ગામમા બનતા ગુન્હાપર દેખરેખ રાખે છે અને પોલિસ ખાતાના કામમાં મદદ કરે છે

તલાટી—ગામનતદારના તાબનો ગામનો અધિકારી છે, એ જન્મ મરણની નોધ રાખે છે.

સ્કુલ માસ્તર—(મહેતાજી) ગામના છોકરાઓને ભણાવે છે ને તેને સુધારવા પ્રયત્ન કરે છે ગામમાં પોસ્ટ માસ્તરનુ કામ પણ કરે છે

ગામ પંચ—ગામના ચુંટી કાઢેલા લોકોનું મંડળ છે તે ગામમાના દરેક સુધારાનું કામ કરે છે ને તે ઉપરાત તકરારી બાબતોનો નિકાલ પણ કરે છે, એમા ઉપલા પાચ અધિકારીઓ પણ છે

સુરત નવાપુરા દાળીયાશેરીમા આવેલા પોતાના ધી "મોહમ્મદી" પ્રિન્ટીગ પ્રેસમા પા૦ હુરકીશનદાસ ગોપાળદાસે છાપી